# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા બેકરી શાળા, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમીક્સ, આ.કૃ. યુ., આણંદના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય બેકરી તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૧૯.૦૩.૨૦૨૨, રોજ કેવિકે દેવાતજ અને બેકરી શાળા, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમીક્સ, આ.કૃ.યુ., આણંદના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય બેકરી તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં ૪૮ બહેનોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. એ. સી. વૈદ્ય દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ શ્રી હાર્દિકભાઇ એ. વૈદ્ય, બેકરી ઓપરેટર, બેકરી શાળા દ્વારા બેકરીની વિવિધ બનાવટોની પ્રાથમિક માહિતી તેમજ બેકરી શાળાના કોર્સ વિષેની પણ જરૂરી માહિતી પૂરી પાડી હતી અને વિવિધ પ્રકારના બિસ્કીટ જેવા કે ફરાળી બિસ્કીટ, નાનખટાઈ, ચોકલેટ બિસ્કીટ, કોપરાના બિસ્કીટ વગેરે પ્રત્યક્ષ બનાવીને બતાવેલ હતા.  સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી.(ગૃ.વિ.) દ્વારા માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ  કરવામાં આવેલ હતું.

## તાલીમ કાર્યક્રમની ઝાંખીઓ




